**રેગ્યુલર દિવાની કેસ નં. ૫૫–૨૦૨૧**

**આંક–૫ ની વચગાળાની મનાઈ અરજી લગત હુકમ.**

**૧.** આ કામે વાદી તરફે આંક–૦૧ થી રજુ કરવામાં આવેલ દાવા અરજી, આંક–૫ થી રજુ દરમ્યાન મનાઈ હુકમની અરજી, આંક–૩ થી રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટ, આંક–૧૯ થી રજુ વાદીની કાઉન્ટર એફીડેવીટ, વિ. ધ્યાને લીધા.

**૨.** આ કામે પ્રતિવાદી તરફે આંક–૧૩ થી રજુ કરવામાં આવેલ દાવા તથા મનાઈ અરજીનો લેખીત જવાબ ધ્યાને લીધો તથા પ્રતિવાદી તરફે રજુ કરવામાં દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા.

**૩.** વાદીના દાવાની હકિકત, કામચલાઉ મનાઈહુકમની અરજીની હકિકત તથા પ્રતિવાદીએ રજુ કરેલ જવાબની હકિકત તેમજ પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. બંને પક્ષનાં વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો સાંભળી તથા લેખીત દલીલો વંચાણે લીધી. સદર કામે આંક–૫ નાં નિર્ણય સારૂ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે?

૩. શું વાદીને માંગ્યા મુજબ મનાઈ નહિં આપવાથી નાણાંથી ન આંકી શકાય તે રીતનું નુકશાન થાય તેમ છે?

૪. શું હુકમ?

**૪.** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

નિર્ણયો

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. છેવટના હુકમ મુજબ.

<u>કારણો.</u>

**પ.** મુદ્દા નં. (૧) થી (૩):-

સીવીલ પ્રોસીજર કોડના આદેશ ૩૯ નિયમ ૧-૨ મુજબ કામચલાઉ મનાઈહુકમ માટેની અરજીના નિકાલ માટે પ્રથમદર્શનીય કેસની ચર્ચા કરવાની હોય ત્યારે કોર્ટે બંને પક્ષે રજુ થયેલ દસ્તાવેજ ઉપરથી દાવાનો કોઈ તકરારી મુદ્દો સમાયેલો છે કે કેમ? તે નકકી કરવાનું હોય છે તથા કયો પક્ષ તે મુદ્દો પોતાની તરફેણમાં છે તેમ પ્રથમ દર્શનીય રીતે દર્શાવે છે કે કેમ? તે નકકી કરવાનું હોય છે. હાલના તબકકે કાયદા તેમજ હકિકત આધારીત પ્રશ્નોનો આખરી નિકાલ કરવાનો નથી. પરંતુ જે ચર્ચા કરવામાં આવે તે ફકત પ્રથમ દ્રષ્ટિય કેસ પુરતી જ મર્યાદીત છે. આ ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય એક બીજા સાથે સંલગ્ન હોવાથી ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના કારણસર આ ત્રણેય મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

**૬.** આ કામના વાદી તરફે આંક-૧ ની દાવાઅરજી તથા આંક-પ ની મનાઈ હુકમની અરજીમાં મુખ્યત્વે જે રજુઆત થયેલ છે તે મુજબ વાદીની માલિકી હકકે ચાલી આવતી મોજે ગામ નવાગામ, તા.કામરેજ, જી.સુરત મુકામે રહેણાંકના હેતુ માટેના ખુલ્લા પ્લોટ વાળી પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની મિલ્કત ચાલી આવેલ, જેને દાવાવાળી મિલ્કત તરીકે વર્ણવેલ છે, જે મિલ્કતનો દસ્તાવેજ પ્રતિવાદીએ પોતાના નામે કરાવી લીધેલ હોઈ, સદરહુ દાવો તેવી મિલ્કત ઉપર પ્રતિવાદીએ પોતાની તરફેણમાં કરેલ રજી. વેચાણ દસ્તાવેજ રદ કરવા કરેલ છે.

<u>પરિશિષ્ટ</u>

સુરત ડિસ્ટ્રીકટના સબ ડીસ્ટ્રીકટ કામરેજ તા.કામરેજના મોજે નવાગામની સીમમા બ્લોક નં.૯૭, ૯૮ થી નોંધાયેલી રહેણાંકના હેતુ માટે બીનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ ''સહકાર નગર સોસાયટી'' માં પાડવામાં આવેલ રહેણાંકનાં હેતુ માટેના પ્લોટો પૈકી એ-ટાઈપના પ્લોટ નં.બી/૪૧ ની જમીન જેનુ ક્ષેત્રફળ ચો.મી.

૬૪.૦૦ છે, તે પ્લોટવાળી જમીન તથા તેને લાગુ રોડ રસ્તા સી.ઓ.પી.ની પ્રમાણસર ફાળે પડતી ૧૪.૨૦ ચો.મી. જમીન તે સહીતના ખુલ્લા પ્લોટવાળી જમીન તેની અંદરના તથા આજુબાજુના લાગતા વળગતા સર્વે હકકો સહિતની મિલ્કત. (જેનો હવે પછીથી વાદગ્રસ્ત મિલ્કત તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.)

વાદીના પિતાએ પોતાની મોજે ગામ ઘેટી, તા.પાલીતાણા, જી.ભાવનગર મુકામેની ખેતીની વાડીવાળી જમીનમાંથી પોતાની અંગત આવકમાંથી વાદીના પિતા તથા પરીવારના સભ્યોના નામે મિલ્કત વસાવવા માંગતા હોય, જેથી વાદી જે સોસાયટીમાં રહેતા આવેલ તેજ સોસાયટીમાં દરેક કુટુંબના સભ્યોનો અલગ અલગ નામથી પ્લોટ ખરીદ કરાવી આપેલ, જે પૈકી વાદીના પિતા રામજીભાઈના નામે પ્લોટ નં. એ/૪૫, રજી.વે.દ.નં.૨૮૫૧૧/૨૦૧૭ થી ખરીદ કરેલ, વાદીના માતાના નામે પ્લોટ નં.બી/૪૪, રજી. વે.દ.નં.૨૮૫૧૨/૨૦૧૭ થી ખરીદ કરેલ, વાદીના મોટા ભાઈ વિજયભાઈના નામે પ્લોટ નં.એ/૪૨, રજી.વે.દ.નં.૨૭૭૦૫/૨૦૧૭ થી ખરીદ કરેલ અને વાદીના નામે પ્લોટ નં.બી/૪૧, રજી.વે.દ.નં.૨૭૭૦૪ /૨૦૧૭ થી ખરીદ કરેલ. આમ, વાદીના પિતાએ પોતાની સ્વોપાર્જીત આવકમાંથી ઉપરોકત મુજબના ચાર પ્લોટો જીલ્લા સુરત મુકામે લીધેલ. વાદી તથા વાદીના માતા પિતા તથા મોટા ભાઈ વિજયભાઈનાઓ સંયુકત કુટુંબમા રહેતા આવેલા. વાદીનો મોટો ભાઈ વિજયભાઈ તથા પ્રતિવાદી કે જે સંબંધે સાઢુભાઈ છે તેઓ બંનેએ ધંધો ચાલુ કરેલાની હકિકત વાદી તથા વાદીના પિતાને જણાવેલ. તે સમયે બંનેની ધંધાકીય આવક પણ સારી એવી રહેતી. તેવો ધંધો આશરે બે વર્ષ સુધી ચાલેલ. ત્યારબાદ ધંધામાં નુકશાન થવાના કારણે ધંધો પડી ભાંગેલ, જેથી ધંધો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ વાદીના પરીવારના સભ્યો પ્રતિવાદીના સંપર્કમાં ધંધાકીય સંબંધ માટે કયારેય મળેલ નથી. પરંતુ પ્રતિવાદી તથા વાદીના મોટા ભાઈ વિજયભાઈ એકબીજાના સંબંધે સાઢુભાઈ થતા હોય જેથી અવાર નવાર વ્યવહારીક સંબંધે આવવા જવાનુ થતુ આવેલ. તેવા સંબંધો આજરોજ પણ ચાલી આવેલ છે. વાદીના મોટા ભાઈ વિજયભાઈ અને પ્રતિવાદી વચ્ચે જે ધંધાકીય વ્યવહારો

ચાલી આવેલ તેમાં નુકશાન થવાથી ધંધો પડી ભાંગેલ, જેથી પ્રતિવાદી ધંધામાં આવેલ નુકશાનની તમામ જવાબદારી વાદીના મોટા ભાઈ વિજયભાઈ ઉપર નાંખતા આવેલ. જેથી વાદીનો ભાઈ વિજયભાઈ ખુબજ ટેન્શનમાં અને પ્રેસરમાં હોવાથી એકલા રહેતા આવેલ અને ઘર છોડી જતા રહેલ. ત્યારબાદ વાદી તથા વાદીના પરીવારના સભ્યો ધ્વારા વાદીના ભાઈની શોધખોળ કરેલ અને તે એક આશ્રમમાં મળી આવેલ તેને સમજાવીને ઘરે પરત લાવેલ. જેની જાણ પ્રતિવાદીને થતાં વાદીના પરીવારના સભ્યોની જાણ બહાર તેઓની ઉશ્કેરણીના કારણે વાદીની જાણ બહાર વાદીના પરીવારના સભ્યોને વિશ્વાસમાં લઈ વાદીના ભાઈ વિજયભાઈએ પ્રતિવાદીનાં કહેવાથી મોજે ઘેટી, તા.પાલીતાણા, જી.ભાવનગરમાં આવેલ વાદીના સંયુકત નામે ચાલી આવતી ખેતીની વડીલોપાર્જીત મિલ્કત જેને 'વાડી' નામથી ઓળખાય છે, તેવી ખેતીની ખાતા નં.૬૬૪ થી રે.સ.નં.૨૩૦ વાળી જમીન/મિલ્કત તથા ગામમાં આવેલ ખુલ્લા પ્લોટની જગ્યા કે જે વાદીના પિતા રામજીભાઈની માલિકીની મિલ્કત હતી તે બાબતે મામલતદાર તથા સરકારી તથા અર્ધ સરકારી કચેરીમાં વહીવટ કરવા માટે વાદીના પરીવારના સભ્યોની સહી લઈ બે અલગ અલગ પાવર ઓફ એટર્ની યાને કુલમુખત્યાર નામું નોટરી રૂબરૂ પ્રતિવાદીના કહેવાથી વાદીના મોટા ભાઈ વિજયભાઈએ પોતાની તરફેણમાં પ્ર તિવાદીનાં દબાણથી કરાવેલ. ત્યારબાદ અઠવાડીયા પછી તા:૩૧-૦૭-૧૯ ના રોજ વાદીના ભાઈ વિજયભાઈએ પરીવારના સભ્યોને જણાવેલ કે, મેં તમારી પાસે જે પાવર ઓફ એટર્ની ગામની વાડીવાળી જમીનનો કરેલ જે પાવર ઓફ એટર્નીના આધારે દિપકભાઈ મને બીજાજ દિવસે ગામ લઈ જઈ તેના બાપુજી દેવજીભાઈના નામે તે બંને મિલ્કતના દસ્તાવેજ કરાવી લીધેલ છે. તેઓએ એવું આશ્વાસન પણ આપેલ છેકે, સુરતમાં કામરેજમાં જે ચાર પ્લોટો તમે જયા રહો છો તે તમે મારા નામે કરી આપો તો તમને ગામની બંને જમીનો હું પરત આપી દઈશ. જેથી તેઓની વાત ઉપર વિશ્વાસ રાખી વાદીએ તથા તેમનાં પરીવારના સભ્યો ધ્વારા વાદી જે સોસાયટીમાં રહે છે તે સોસાયટીમાં આવેલ ચાર પ્લોટો યાને દાવાવાળી મિલ્કત યાને પ્લોટ નં.બી/૪૧, કે જે વાદીના નામે

ચાલી આવેલ તે પ્લોટ રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૩૮૩૭/૨૦૧૯ થી પ્રતિવાદીની તરફેણમાં દસ્તાવેજ કરી આપેલ. તે દસ્તાવેજની કુલ રકમ રૂા.૪,૮૦,૦૦૦/- વાદીને દસ્તાવેજ કર્યા તારીખે કે તે અગાઉ મળેલ નથી. ચેકની રકમ દસ્તાવેજમાં બતાવી તેવી રકમ ડીપોઝીટ કર્યાના બીજા જ દિવસે સેલ્ફની એન્ટ્રી મારફત રોકડ સ્વરૂપે પરત મેળવી લીધેલ છે. આમ, સદર દસ્તાવેજ નોંધણી એકટની જોગવાઈ વિરુધ્ધનો તથા અવેજ વિનાનો ગણી શકાય તેવો દસ્તાવેજ છે. વાદીને તથા તેઓના મોટા ભાઈ વિજયભાઈને પ્રતિવાદી તથા તેઓના પિતા દેવજીભાઈ ઝવેરભાઈએ દાવાવાળી મિલ્કત તથા વાદીના સંયુકત નામે ચાલી આવતી અન્ય મિલ્કત સંદર્ભે જે વિશ્વાસ અને ભરોસો આપેલ તેનો ભંગ કરી પ્રતિવાદી ધ્વારા આજદિન સુધી સદરહુ દાવાવાળી મિલ્કત વાદીને સુપ્રત કરેલ નથી. પ્રતિવાદી દાવાવાળી મિલ્કત અન્ય કોઈ ત્રાહિત વ્યકિતને વેચવાનો બદઈરાદો ધરાવતા આવેલ છે. તેવા સંજોગોમાં પ્રતિવાદીને અટકાવવા તેમજ સદરહુ મિલ્કત કોઈને વેચે-વેચાવે નહિં કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહિં કે હરકોઈ રીતે મિલ્કતનો નિકાલ કરે કરાવે નહિં તેવી જાહેરાત તથા જાથુકનો કાયમી મનાઈહુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે. આમ, હરકોઈ સંજોગોમાં વાદીનો હાલનો પ્ર થમ દર્શનીય કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે. પ્રતિવાદીની તરફેણમાં પરિશિષ્ટમાં જણાવેલ મિલ્કત સંદર્ભે રજી. વેચાણ દસ્તાવેજ નં.૧ ૩૮૩૭/૨૦૧૯ થી જે દસ્તાવેજ થયેલ છે, તે રદબાતલ જાહેર કરવાની જરૂર છે. આમ કરવામાં નહિં આવે તો વાદીને નાણાંથી બદલો નહિં મળે તેવુ ગંભીર સ્વરૂપનું નુકશાન થવાનો સંભવ છે. આમ, સદરહુ દાવાવાળી મિલ્કત હર કોઈ ત્રાહિત વ્યકિતને ટ્રાન્સફર, એસાઈન, વેચાણ, બક્ષિસ, ગીરોથી નિકાલ કરે નહિં તેમજ મિલ્કતમાં પોતે જાતે યા ત્રાહિત વ્યકિત ધ્વારા હસ્તે, પરહસ્તે ડેવલોપમેન્ટ યા બાંધકામ વિગેરે કરે કરાવે નહિં તેવો જાથુકનો કાયમી મનાઈ હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે. આ તમામ સંજોગોમાં ઉપરોકત જણાવેલ હકિકતમાં તેઓએ હાલનો દાવો તથા મનાઈ અરજી દાખલ કરી કામચલાઉ મનાઈહુકમની માંગણી કરેલ હોવાનું વાદી જણાવે છે.

૭.	આ કામના પ્રતિવાદીએ વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈહુકમની અરજીનો લેખીત જવાબ આંક–૧૩ થી રજુ કરેલ છે, જેમાં તેઓએ જણાવેલ છેકે, વાદીની દાવા તથા મનાઈ અરજીમાં જણાવેલ હકિકતો સાચી અને ખરી નથી. વાદીની દાવા તથા મનાઈ અરજી કાયદા મુજબ ચાલી શકતી નથી, ટકી શકતી નથી તેથી પણ રદ થવાને પાત્ર છે. વાદીના દાવામાં જણાવેલ ખુલ્લા પ્લોટવાળી મિલ્કત પરત્વેના કોઈ હકક–હિત, અધિકાર, રાઈટ ટાઈટલ અને ઈન્ટરેસ્ટ રહેલ નથી. વાદીના દાવા તથા મનાઈ અરજીને ડીલે, લેચીસ અને એકવાયન્સના સિધ્ધાંતનો બાધ નડે છે. વાદીના દાવા તથા મનાઈ અરજીને લીમીટેશન એકટની જોગવાઈનો સીધો બાધ નડે છે. જેથી સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧ ની જોગવાઈઓ હેઠળ રદ થવાને પાત્ર છે. વાદીના દાવા તથા મનાઈ અરજીને પ્રિન્સીપલ ઓફ એસ્ટોપલના નિયમનો બાધ નડે છે. વાદીના દાવાને રજીસ્ટ્રેશન એકટ તથા સ્પેશીફીક રીલીફ એકટ અને ટ્રાન્સર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈનો પણ બાધ નડે છે. વાદી નામ. અદાલત સમક્ષ ચોખ્ખા હાથે આવેલ નથી. વાદીએ સાચી હકિકતો તેમના દાવા તથા મનાઈ અરજીમાં જણાવેલ નથી. ખરી હકિકતો છુપાવી સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટ કરેલ છે. વાદીના દાવા તથા મનાઈ અરજીને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝ અને મીસ જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝના સિધ્ધાંતનો બાધ નડે છે. દાવામાં જણાવેલ તકરારો જોતાં વાદીનાં પિતા રામજીભાઈ ઘુસાભાઈ તેમજ વિજયભાઈ રામજીભાઈને હાલના દાવાના કામે જરૂરી પક્ષકાર હોવા છતા જોડેલ નથી. વાદીએ પ્રતિવાદી પાસેથી કાયદેસરનો વેચાણ અવેજ ચેકની રૂએ સ્વીકારીને સદરહુ દાવાવાળી મોજે નવાગામના સહકારનગર સોસાયટીના પ્લોટ નં.બી/૪૧ વાળી મિલ્કત કાયદેસર રીતે વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ આપેલ હોવા છતાં હાલનો દાવો કરવા ખાતર ખોટી અને ઉપજાવી કાઢેલી સ્ટોરી દાવા તથા મનાઈ અરજીના કામે જણાવેલી છે. વધુમાં વાદીએ હાલના દાવાના કામે કાયમી મનાઈ હુકમની કોઈ દાદ માંગેલ નથી. વાદીને હાલનો દાવો કરવાનું કોઈ કારણ નથી. વાદીનો દાવો કે મનાઈ અરજી માટે કોઈ સબળ મજબુત પ્રથમ દર્શનીય કેસ નથી, સગવડતા

અને અગવડતાની સમતુલા તેમજ ઈરીપરેબલ લોસના કોઈપણ ફેકટર્સ વાદીની તરફેણમાં નથી. મનાઈ ન આપવાથી કે મનાઈ અરજી નામંજુર કરવાથી વાદીને કોઈ નુકશાન થવાનું નથી કે તેમને કોઈ લીગલ ઈન્જરી થવાની નથી. પરંતુ મનાઈ આપવાથી વાદી કરતા પ્રતિવાદીને વધુ પડતો ત્રાસ, કઠીનાઈ અને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન અને લીગલ ઈન્જરી વેઠવી પડવાની છે અને ગ્રેટર હાર્ડશીપ વાદી કરતા પ્રતિવાદીને વધારે થવાની છે. ખરી હકિકતમાં દાવાવાળી મિલ્કત હાલના વાદીના સ્વતં ત્ર નામે ચાલી આવેલી. સદરહુ મિલ્કતના માલિક વાદી પાસેથી પ્રતિવાદીએ તા:૩૧ –૦૭–૧૯ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ, જે રજી. વેચાણ દસ્તાવેજ મે. સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અ.નં. ૧૩૮૩૭/૧૯ થી નોંધવામાં આવેલ, જેના અવેજની રકમ રૂા.૪,૮૦,૦૦૦/– પ્રતિવાદીએ વાદીને ચેકથી ચુકવી આપેલી, જે હકિકત વાદીએ પણ દાવા અરજીમાં કબુલ રાખેલ છે. ત્યારથી સદરહુ મિલ્કતના સ્વતં ત્ર માલિક, મુખત્યાર અને કબજે ભોગવટેદાર પ્રતિવાદી ચાલી આવેલ છે અને હાલમાં પણ પ્રતિવાદીનો કબજો ભોગવટો ચાલી આવેલ છે, જે તમામ હકિકતથી વાદી સારી રીતે માહિતગાર હોવા છતા ફકત નાણાંકીય તોડબાજી કરવાના બદઈરાદાથી હાલનો દાવો દાખલ કરેલ છે. હાલના દાવાના કામે વાદીએ જે મનઘડત સ્ટોરી રજુ કરેલ છે તે સાથે પ્રતિવાદીને કશું લાગતુ વળગતુ નથી. સદરહુ દાવાના કામે મોજે ગામ ઘેટીના બ્લોક/સર્વે નં.૨૪૪ પૈકી ખુલ્લા પ્લોટ નં.૪ વાળી મિલ્કત તેમજ મોજે ગામ ઘેટીના બ્લોક/સર્વે નં.૨૩૦ ખાતા નં.૬૬૪ વાળી ખેતીની જમીન સંબંધે હાલના દાવાના કામે ખોટી તકરાર ઉઠાવેલ છે. સદર બંને મિલ્કત વાદી તથા તેઓનાં પિતાની જાણમાં કાયદેસરનો કિંમતી અવેજ ચુકવી વેચાણ રાખેલ છે. વાદીએ તેમની દાવા તથા મનાઈ અરજીમાં માંગ્યા મુજબની કોઈપણ દાદ મળી શકે તેમ નથી તેમજ કાયમી કે વચગાળાના મનાઈ માટે વાદીનો કોઈ સબળ મજબુત પ્રથમ દર્શનીય કેસ નથી. વાદીનો રજી. વેચાણ દસ્તાવેજ રદ કરવા સંબંધેનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી. સગવડતા અને અગવડતાની સમતુલા યાને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની

તરફેણમાં નથી. સબબ વાદીનો દાવો તેમજ મનાઈ અરજીની હકિકતો ખોટી બોગસ અને ઉપજાવી કાઢેલી હકિકતવાળી હોય વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

૮. સદર કામના વાદી ભદ્રેશભાઈ રામજીભાઈ સભાડીયાનાએ આંક–૧૯ થી પ્રતિવાદીના જવાબ વિરુધ્ધની તેઓની કાઉન્ટ એફીડેવીટ રજુ કરેલ છે, જેમાં તેઓએ પ્રતિવાદીના જવાબની હકિકતોનો ઈન્કાર કરેલ છે તેમજ પોતાની મનાઈ અરજીમાં જણાવેલ હકિકત મુજબની રજુઆત કરેલ છે તેમજ આંક–૫ વાળી મનાઈ હુકમની અરજી મંજુર કરી પ્રતિવાદી વિરુધ્ધ મનાઈહુકમ ફરમાવવા રજુઆત કરેલ છે.

૯. સૌપ્રથમ વચગાળાના મનાઈ હુકમની અરજીનો નિર્ણય કરતી વખતે વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ? તે જોવાનું રહે છે, જેના સંદર્ભે વાદીની દાવા અરજી તથા હાલની આંક–૫ વાળી મનાઈ હુકમની અરજી ધ્યાને લેવામાં આવે તો વાદી, તેઓના ભાઈ, પિતા તથા પ્રતિવાદી વચ્ચે ભાવનગર જીલ્લાના પાલીતાણા તાલુકાના ઘેટી ગામની મિલ્કતો તથા હાલની વાદગ્રસ્ત મિલ્કત સહિતની પ્લોટો વાળી મિલ્કતો સંદર્ભેના વિખવાદો હોવાનું જણાઈ આવે છે. વધુમાં વાદીએ પ્રતિવાદીની તરફેણમાં સને ૨૦૧૯ની સાલમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોવાની હકિકત નિર્વિવાદ છે અને તે દસ્તાવેજ રદ કરાવવા માટે વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે, જેના કારણોમાં અવેજ વગરનો દસ્તાવેજ હોવાનું વાદીનું કથન છે, જ્યારે પ્ર તિવાદી તર્ફે વાદગ્રસ્ત મિલ્કતના અવેજની રકમ ચેકથી ચુકવી આપેલાનું જણાવવામાં આવેલ છે. જો કે, તે હકિકત વાદી તર્ફે પણ નિર્વિવાદ છે, પરંતુ વાદીના કથન મુજબ સદરહુ રકમ બીજા જ દિવસે સેલ્ફની એન્ટ્રીથી પ્રતિવાદીએ પરત મેળવી લીધેલ છે. આમ, વાદીનું પ્લીડીંગ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજના કથનોથી વિપરીત છે. વાદીના કથન સંદર્ભે વાદીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો વાદીએ સદરહુ રજીસ્ટર્ડ દસ્તાવેજની નકલ રજૂ કરેલ છે, જે દસ્તાવેજ થયેલ હોવાની હકિકત નિર્વિવાદ છે. વાદીના પિતાએ પ્રતિવાદી તેમજ અન્યોની વિરૂધ્ધમાં કામરેજ પોલીસ સ

ટેશનમાં ફરીયાદ અરજી આપેલ છે તેની નકલ માર્ક–૩/૨ થી રજૂ કરેલ છે. આ સિવાય વાદીએ કોઈ દસ્તાવેજી આધારો રજૂ કરેલા નથી. માર્ક–૩/૧ વાળો વેચાણ દસ્તાવેજ ધ્યાને લેવામાં આવે તો તે તા. ૩૧–૦૭–૨૦૧૯ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ છે, જયારે વાદીએ હાલનો દાવો સદરહુ દસ્તાવેજ રદ કરાવવા માટે તા. ૦૬–૦૭–૨૦૨૧ ના રોજ દાખલ કરેલ છે. એટલે કે, આશરે બે વર્ષે હાલનો દાવો દાખલ કરેલ છે. વધુમાં માર્ક–૩/૧ વાળો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ધ્યાને લેવામાં આવે તો વાદગ્રસ્ત મિલ્કતના અવેજની રકમ ચેકથી ચુકવવામાં આવેલ હોવાનો તેમાં ઉલ્લેખ છે તેમજ સદરહુ હકિકત વાદી તર્ફે પણ નિર્વિવાદ છે, પરંતુ વાદીના કથન મુજબ પ્ર તિવાદીએ તે રકમ બીજા દિવસે સેલ્ફની એન્ટ્રી પડાવી રોકડમાં પરત મેળવી લીધેલ છે, પરંતુ સદરહુ હકિકત દર્શાવવા વાદી તર્ફે કોઈ દસ્તાવેજી આધારો રજૂ કરેલ હોવાનું જણાઈ આવતું નથી. વાદીએ ધાર્યુ હોત તો તેઓએ બેંક સ્ટેટમેન્ટની નકલ રજૂ કરેલ હોત, પરંતુ તેમ કરવામાં આવેલ નથી. વધુમાં સદરહુ કથન પણ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વિરૂધ્ધના છે. કાયદાનો તે પ્રસ્થાપિત નિયમ છે કે, જયાં સુધી રજીસ્ટર્ડ દસ્તાવેજથી વિરૂધ્ધની હકિકતો લાવવામાં ન આવે ત્યાં સુધી આવો રજીસ્ટર્ડ દસ્તાવેજ સાચો હોવાનું અનુમાન થાય, પરંતુ આ કામે વાદીએ રજીસ્ટર્ડ દસ્તાવેજથી વિરૂધ્ધની કોઈ જ હકિકતો દર્શાવવા માટે દસ્તાવેજી આધારો રજૂ કરેલ નથી. વધુમાં વાદીના કથન મુજબ પ્રતિવાદીએ ચેકની રકમ જમા થયાના બીજા જ દિવસે રોકડમાં પરત મેળવી લીધેલ, પરંતુ જો તેઓની સાથે ખોટુ થયાનું વાદીને બીજા જ દિવસે ખબર હતી તો તેઓએ દાવો દાખલ કરવા અથવા તો કહેવાતી ફરીયાદ દાખલ કરવા માટે બે વર્ષ સુધી શા માટે રાહ જોયેલ છે, જે હકિકત વાદીના કેસ ઉપર શંકા ઉભી કરે છે. વધુમાં વાદીના કથન મુજબ વાદીના ભાઈ તથા પ્રતિવાદી સાથે ધંધો કરતા હતા અને તેમાં નુકશાન થતા ધંધો બંધ કરવો પડેલ. જો કે, સદરહુ હકિકતને આ કેસ સાથે કોઈ નિસ્બત હોવાનું જણાઈ આવતું નથી, તેમ છતાં આવા ધંધા અંગેના કોઈ દસ્તાવેજી આધારો પણ વાદીએ રજૂ કરેલ નથી. વધુમાં વાદીના પ્લીડીંગ મુજબ

ભાવનગર જીલ્લાની મિલ્કતો સંદર્ભેનો પણ ઉલ્લેખ છે, પરંતુ તેના સંદર્ભેના પણ કોઈ દસ્તાવેજી આધારો વાદીએ રજૂ કરેલ નથી. જો કે, આવી મિલ્કતો સંદર્ભેનો કોઈ ઈશ્યુ આ કોર્ટ સમક્ષ ઉપસ્થિત પણ થયેલ નથી. આમ, વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો નથી, પરંતુ ડીલે અને લેચીસ હોવાનું કહી શકાય તેમ છે. વધુમાં જો વાદીની પાસેથી પ્રતિવાદીએ ચેકની રકમ જમા થયાના બીજા જ દિવસે રોકડમાં પરત મેળવી લીધેલ હોય તો બે વર્ષે કોઝ ઓફ એકશન કેવી રીતે ઉભુ થયેલ છે તે પ્ર થમદર્શનીય રીતે સંતોષકારક જણાતું નથી. આમ, વાદીનું પ્લીડીંગ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વિરૂધ્ધનું હોવાનું જણાય છે અને તેના સંદર્ભે કોઈ દસ્તાવેજી આધારો વાદી તર્ફે રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં અગાઉ થયેલ ચર્ચાનુસાર વાદીના દાવાને ડીલ ે, લેચીસનો બાધ નડે છે. વધુમાં વાદી, તેમના કુટુંબીજનો તથા પ્રતિવાદી અને અન્યોની વચ્ચે ભાવનગર જીલ્લાની તેમજ કામરેજ તાલુકાની વાદગ્રસ્ત મિલ્કત સહિતની મિલ્કતોની તકરારો ચાલતી હોવાનું જણાઈ આવે છે, પરંતુ વાદગ્રસ્ત મિલ્કત સંદર્ભે કોઈ ચોકકસ કોઝ ઓફ એકશન ઉભુ થયેલાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવતું નથી અને આમ, વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી, જેથી મુદ્દા નં. (૧)નો જવાબ નકારમાં આપુ છું.

**૧૦.** વાદીનો પ્રથમદર્શનીય કેસ નહિં હોવાનું આ કોર્ટે ઉપરોકત ચર્ચાનુસાર માનેલ છે. માર્ક–૩/૧ વાળા દસ્તાવેજ મુજબ પ્રતિવાદીને જે તે સમયે કબજો સોંપી આપવાનું જણાવેલ છે. વાદીએ પોતાની સાથે થયેલ ફ્રોડ મુજબના કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા નથી. વાદીએ તેઓના પિતાએ પ્રતિવાદી સહિતના વ્યકિતઓ સામે પોલીસમાં અરજી આપેલ હોવાનું જણાવી આવી અરજી આ કામે રજૂ કરેલ છે, પરંતુ સને ૨૦૨૩ સુધીમાં તે અરજીનું શું થયેલ છે અથવા તો તે અંગે એફ.આઈ.આર. નોંધાયેલ છે કે કેમ? તે અંગેની કોઈ હકિકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આમ, હાલના તબકકે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજને ખરો હોવાનું અનુમાન થાય તેમ છે અને તેથી જો આ તબકકે મનાઈ હુકમ આપવામાં આવે તો વાદી કરતા પ્ર

તિવાદીને વધુ અગવડતા પડે તેમ જણાઈ આવે છે અને તેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં હોવાનું જણાઈ આવતું નથી અને તેથી મુદ્દા નં. (૨) નો નિર્ણય નકારમાં ઠરાવું છું.

**૧૧.** વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી તેમજ અગવડતા સગવડતાનું પલ્લુ તેઓની તરફેણમાં નથી. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વિરૂધ્ધનો કોઈ દસ્તાવેજી પુરાવો વાદી તર્ફે રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં વાદીએ વૈકલ્પિક દાદ તરીકે નાણાંની પણ માગણી કરેલ છે. વધુમાં વાદીના દાવાને ડીલે અને લેચીસનો બાધ નડે છે. આમ, જો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ નુકશાન જવાની સંભાવના રહેલી નહિં હોવાનું આ કોર્ટનું નમ્રપણે માનવું છે અને તેથી સદરહુ મુદ્દો પણ વાદીની તરફેણમાં નથી, જેથી મુદ્દા નં. (૩) નો જવાબ નકારમાં આપુ છું.

**૧૨.** આમ, ઉપરોકત ચર્ચાનુસાર વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી, અગવડતા સગવડતાનું પલ્લુ વાદીની તરફેણમાં નથી અને જો આ તબકકે મનાઈ હુકમ આપવામાં ન આવે તો પણ વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની સંભાવના હોવાનું જણાઈ આવતું નથી. બન્ને પક્ષકારો તર્ફે નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદાર હાઈકોર્ટના કેટલાક સાયટેશનો પોતાની દલીલોના સમર્થનમાં રજૂ કરેલા છે, જે આ કોર્ટ દ્વારા માનસહ વંચાણે લેવામાં આવેલ છે, પરંતુ હકિકતોના દ્રષ્ટિકોણથી જ ઉપરોકત નિર્ણય ઉપર આવી શકાય તેમ હોઈ, સદરહુ તમામ સાયટેશનોની આ હુકમમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા મુદ્દા નં. (૧) થી (૩) નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. (૪) પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**– :: આખરી હુકમ :: –**

વાદીની હાલની **આંક–૫** વાળી દરમ્યાન મનાઈ હુકમ મેળવવાની અરજી આથી **નામંજુર** યાને કે **રદ** કરવામાં આવે છે.

હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૨૬મી માહે માર્ચ, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– કઠોર.
તારીખ:– ૨૬–૦૩–૨૦૨૪

(સુનિલ મહેન્દ્રભાઈ ગોવાણી),
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
કઠોર.
GJ00918